

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અંધશ્રદ્ધાની ઈદમાં બકરી કપાઈ જાય છે,
'લવજેહાદ' જીદમાં, 'બકરી' કપાઈ જાય છે!
અપાઈ જાય છે દિલ, નાત જાત જોયા વગર -
ચઢે છે બલિ સ્વપ્નોની બકરી કપાઈ જાય છે

હાઈકુ

અંધશ્રદ્ધાના
યજ્ઞ કુંડે, હોમાય -
માનવ ધર્મ...

ખોવાઈ જાય
અજ્ઞાનના તમસે
માનવ ધર્મ...

### ચિંતન

અયુકતં સ્વામિનો યુકતં યુક્તં નીચસ્ય દૂષણમ્ ।
અમતં રાહવે મૃત્યુર્વિષં શંકરભૂષણમ્ ॥

ઉપરોક્ત શ્લોક 'વિવેક ચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

સમર્થ અને શક્તિમાન પુરુષ યદિ કોઈ અનુચિત કાર્ય કરે છે તો તેને ઉચિત ગણવામાં આવે છે. પરંતુ કોઈ નીચ પુરુષ ઉચિત કાર્ય પણ કરે છે તો તેને અનુરુપ કહેવાય છે.

ઉદાહરણરુપે રાહુ નામક દૈત્ય માટે અમૃત પણ મૃત્યુનું કારણ બની ગયું અને શિવ માટે વિષ પણ તેના કંઠનું આભૂષણ બની ગયું. વિષપાનને કારણે તેમની મૃત્યુ ન થઈ પરંતુ તેમને નિલકંઠ કહેવાય છે.

સરકાર પોતાની સત્તા સાચવવા માટે આંદોલન કચળી નાખવા કેટલાંય ખૂન-ખરાબા-મૃત્યુ કરે તો પણ તેને કાયદાનું પાલન જ કહેવાય પણ કોઈ અબળા સ્વ બચાવ માટે કોઈને મારી નાખે તો તેને ખૂન કહેવાય છે.

### સુવિચાર

- જબ કદમ થક જાતે હૈં, તો હૌંસલા સાથ દેતા હૈ, જબ સબ મુંહ ફેર લેતે હૈ, તો ખુદા સાથ દેતા હૈ - **રાજેશ વર્ધન**
- તમામ ખુદના બેસ્ટ 'Version' બનો, બીજાની 'Copy' નહીં - **જન્મભૂમિ**
- ષડયંત્ર તમને સફળતા અપાવી શકે છે પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત નહીં કરાવી શકે - **અમૃતબોધ**
- ઘણું છે ઈશ્વર, આટલું જો સુખ મળે....
  સાંજે આવું અને ઘર આખું હસતું મળે... - **હબીબ અલી સાફરાની**
- એક મૂકે નિસાસો ને બીજા પારખી લે, તે જ ખરો મિત્ર - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન નામની આ ઘટનામાં અચરજ અનેક છે... ફરિયાદી, આરોપી, સાક્ષી હું એક... અને ન્યાય કરનાર દરેક છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સફેદ ડુંગળી, ગોળ અને હળદર મેળવી સવાર-સાંજ બે-બે તોલા ખાવાથી કમળો રોગમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્વામી રામતીર્થ વિદ્વાન, બુદ્ધિશાળી અને વિદ્યાભ્યાસમાં શ્રેષ્ઠ હતા. તેમની બુદ્ધિ પ્રતિભાથી પ્રભાવિત થઈને લાહોર કૉલેજના આચાર્યશ્રી એ એમનું નામ સિવિલ સર્વિસની પરીક્ષા પાસે પસંદ કર્યું.

પરંતુ આ વાત જાણતાં જ સ્વામી આચાર્યની પાસે ગયા અને નમ્રતાપૂર્વક કહ્યું, 'સાહેબ આપનો આભારી છું. પંરતુ મેં લાભ મેળવવા કે સત્તા મેળવવા વિદ્યા પ્રાપ્ત કરી નથી, વિદ્યા વેચી છે, સૌ જનોના કલ્યાણ માટે, મોટો અધિકારી બનવા ઈચ્છતો નથી, હું સેવક બનવા ઈચ્છું છું જેથી સેવાકાર્યનો લાભ મળે.'

આચાર્યશ્રીએ એમને ઘણાં સમજાવ્યા પરંતુ સ્વામી રામતીર્થ પોતાના નિર્ણયમાં અડગ જ રહ્યા.

જે માનવી પોતાની વિદ્યા - જ્ઞાન કર્મ અને ભક્તિમાં ભેળવી દે છે તે વંદનીય છે.

# ભાજપના પાર્લામેન્ટરી નવા બોર્ડના સૂચિતાર્થો

**તંત્રીસ્થાનેથી...**

પ્રદેશ પ્રમુક તરીકે સી.આર.પાટીલની તાજપોશી સાથે જ ભારતીય જનતા પાર્ટી વિવિધ સ્તરે નવા રંગરુપમાં ઊપસી રહી છે. કોઈ પણ સંગઠન બંધિયાર બની રહે તો એ કાલાન્તરે નબળું પડી જતું હોય છે. કોંગ્રેસમાં નવું લોહી ઉમેરવામાં રાહુલ ગાંધીના પ્રયાસ તરીકે જોવામાં આવતો હાર્દિક પટેલનો પ્રદેશ અધ્યક્ષ સ્વરુપે ઉમેરો સંગઠનને બંધિયાર સ્થિતિમાંથી બહાર આણવાનો પ્રયોગ જરૂર હતો પરંતુ એમાં સફળતા ન જ મળે એનાં દેખીતાં કારણો પણ હતાં. સિનિયર નેતાઓને એકાએક સાવ જ જુનિયર જુવાનિયાના આદેશો મુજબ વર્તવાનું ન જ ગમે. પરિણામે પેટાચૂંટણીની આઠે બેઠકો કોંગ્રેસે ગુમાવી અને મૂળ ગુજરાતી ગોત્ર નહીં ધરાવતા હોવાં છતાં પીઢ સંગઠક અને તટસ્થ આગેવાન સી.આર. પાટીલે હોદ્દો ધારણ કરતાંની સાથે પ્રદેશ એકમ તેમ જ રાજય સરકાર પર ભારે પ્રભાવ ઊભો કરી સફળ નેતૃત્વ પ્રદાન કર્યું હતું. પાટીલ પરિણામલક્ષી અને લક્ષ્યાંક સિદ્ધ કરનારા પ્રભાવી નેતા સિદ્ધ થયા છે. હવે એમની સામે વિધાનસભાની ચૂંટણીના રિહર્સલ સમી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓની ચૂંટણીઓનો પડકાર આવી પડ્યો છે. ત્યારે એમણે પ્રદેશ સંગઠન માળખાની તેમજ ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરનાર પાર્લામેન્ટરી બોર્ડની નવરચના કરી આયોજનબદ્ધ કામગીરી શરૂ કરી છે. સંગઠનમાં પાયાના 'પેજ પ્રમુખ'થી લઈ 'પ્રદેશ પ્રમુખ' સુધીના 'કાર્યકર્તાઓ' છે. આ 'કાર્યકર્તા' શબ્દ ઘણો અગત્યનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પણ એમનાં રાજકીય પદોથી પર ભારતીય જનતા પાર્ટીના અદના કાર્યકર્તાઓ તેમજ સંઘના સ્વયંસેવક હોવાનું ગૌરવ લેતા રહે છે. કોંગ્રેસમાં નેતાઓ કાર્યકર્તા રહેતા જ નથી; એમની એક જુદી જમાત બની જાય છે. આથી પ્રજા સુધી પહોંચાડનારી સાંકળ તૂટી જાય છે. સી.આર. પાટીલે જાહેર કરેલા પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ઘણા સિનિયર અને પીઢ નેતાઓનાં નામ સામેલ નથી. બોર્ડમાં જ્ઞાતિ સામીકરણ સાચવવાની સાથે પાર્ટી માટે સૌથી મહત્ત્વની વોટબેંક ગણાતા પાટીદાર સમાજને વિશેષ પ્રતિનિધિત્વ અપાયું છે. ટોકન હાજરી લેખે દલિત અને આદિવાસી સમાજના એક એક પ્રતિનિધિ છે અને પાર્ટીની વણલખી પૉલિસી મુજબ એક પણ મુસ્લિમ પ્રતિનિધિનો સમાવેશ નથી કરાયો. વિવેક ખાતર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો તો સમાવેશ કરવો જ પડે, પરંતુ ખુદ નિવૃત્ત થયેલ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી કે ઉત્તર ગુજરાતના પ્રભાવશાળી ચૌધરી આગેવાન અને સહકારી અગ્રણી શંકર ચૌધરી જેવા બહાર રહી ગયા છે. સૌરાષ્ટ્રમાં પુરુષોત્તમ રૂપાલાનો સમાવેશ થયો છે પણ મનસુખ માંડવિયા બહાર છે. અનુસૂચિત જાતિના નેતાઓમાં રમણલાલ વોરા અને શંભુપ્રસાદ ટુંડિયાની બાદબાકી કરી અમદાવાદની બેઠક પરથી સંસદમાં પ્રતિનિધિત્વ તરીકે મંગુભાઈ પટેલ જેવાને કોરાણે મૂકીને જવશવંતસિંહ ભાભોરનો સમાવેશ કરાયો છે. 'વિવેક ખાતર જ' મહિલા પ્રદેશ પ્રમુખનો પણ સમાવેસ કરાયો છે. પાર્લામેન્ટરી બોર્ડને અપાયેલો આ 'પાટીલ ટચ' કેન્દ્રીય નેતાગીરીની સહમતી વગર શક્ય જ ન હતો. સંગઠન સ્તરે કેન્દ્રીય નેતાગીરીને પાટીલની કાર્યક્ષમતા પર પૂરો ભરોસો છે.

# વીસમી સદી : માર્કસ અને મહાત્માના વિચારો



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

એક સમયે વિશ્વ આખું બે આદર્શવાદના ચીલે ચાલતું હતું. એટલું જ નહીં આ બંને આદર્શો એ ક્રાંતિકારી આદર્શો છે તેમ સ્પષ્ટ માનતું હતું. બંને આદર્શોને અનુસરનારા પણ હતા. આ બે આદર્શો એટલે એક ગાંધીની વિચારસરણીમાંથી જન્મેલો આદર્શવાદ અને બીજો આદર્શવાદ એટલે કાર્લ માર્કસની વિચારસરણીમાંથી ઉતરી આવેલો અને વ્યાપ્ત બનેલો તે માર્કસવાદ. આમ જોઈએ તો આ બંને વાદ એકબીજાથી તદ્દન વિરોધી છે. એકબીજાનો મેળ કેમ કરીને પણ થાય એમ એ સમયે પણ હતો નહીં અને આજે પણ થાય એમ નથી. એકબીજાથી સદંતર વિરોધી એવા આ સિદ્ધાંતોની ધ્યાનાકર્ષણ બાબત એ છે કે બંને નીતિ સિદ્ધાંતો અને જીવન ફિલસૂફીઓ ઉપર રચાયેલા છે. આ બાબત આ બંને વાદમાં લઘુત્તમ સામાન્ય અવયવ છે. પણ એક વાદમાં જે બાબત સારી મનાય છે એ બીજામાં અસ્વીકાર્ય છે. એકમાં પ્રશંસાપાત્ર ગણાય એ બીજા વાદ સાથે જોડાયેલા નિંદનીય ગણે છે.

> **નીતિ સિદ્ધાંત અને જીવન ફિલસૂફીના બંને વાદમાં લઘુત્તમ સામાન્ય શું ?**

આચાર્ય કૃપાલાણીજી 'તાજેતરમાં ઘેલું' પુસ્તિકામાં આ બંને વાદની સરસ સમજાવટ કરે છે એ આપણે તેમની સમજાવટ અનુસાર સમજીએ.

કૃપાલાણીજી બંને વાદ સ્પષ્ટ કરતા લખે છે 'એકના મત પ્રમાણે ગાંધીજી આ જગતમાં પ્રગતિ અને શાંતિ માટે કામ કરતું બળ છે. બીજાના મત પ્રમાણે તે જાણ્યે અજાણે પ્રગતિને રોલ કરનારું તથા કચડાયેલાના શોષણ માટે કામ કરતું બળ છે, અર્થાત ગાંધી ઉપલા વર્ગો, મૂડીદારે, જમીનદારો અને રાજામહારાજાએના મિત્ર છે. આ બે મતો વચ્ચે જે ભેદ છે, તેને ધ્યાનમાં ન લે એ નિરર્થક છે. એકબીજાની ફિલસૂફી પાછળ સમાયેલા પૂરેપૂરા મુદ્દાઓ તરફ દુર્લક્ષ કરવાથી એકે પક્ષને લાભ થાય તેમ નથી. એકતા અને આમજનતાના મોરચાની વાત કરવી એ બરાબર છે. પરંતુ કોઈ જેસીલે નયમ અમલમાં મુકવાને હેય, અને એક યા બીજા પ્રકારની ક્રાંતિ મચાવવાની હોય, ત્યારે સલાહમસલતની બાબતમાં જ મતભેદ, વિરોધી વફાદારીઓ, અને શિથિલ સંગઠનથી તે ન બને.

તો પછી દરેક પોતાની શ્રદ્ધાને વળગી રહે, દરેક પક્ષ પિતાના જ કાયમને અમલમાં મૂકે. તેમ કરવામાં ઝઘડે ઊભો થાય તે તેને અનિવાર્ય ગણવું જોઈએ. છેવટે પણ જે એક પક્ષ અહિંસાને વળગી રહે, તે આપણને થડા વખત ઉપર ચીનમાં મચેલો અને આજે સ્પેનને વીખી રહેલો આંતરવિગ્રહ તે જોવાને નહીં જ રહે. આવી પરિસ્થિતિઓનો નિકાલ લાવવા માટે અહિંસક પદ્ધતિએ વિશિષ્ટ વ્યુહરચના ઊભી કરેલી છે. ભૂતકાળમાં સફળતાપૂર્વક તેવી પરિસ્થિતિઓને નિકાલ લાવવામાં આવ્યો છે અને આજે પણ આંતરવિગ્રહ વગર જ તેમને નિકાલ તે જ પ્રમાણે લાવી શકાય. તેથી કરીને અમુક આદર્શ વાદને રાષ્ટ્રીય પુરુજીવનના કામમાં નિર્વિઘ્ને પોતાનો હાથ અજમાવવા દેવામાં કાંઈ મોટું જોખમ નથી. છેવટે તે ગાંધીજી અને માર્ક્સવાદીઓને લય એક જ છે, અને તે એ કે, બધા પ્રકારના શોષણમાંથી મુક્તિ. તફાવત માત્ર સાધનની બાબતમાં અને જીવનફિલસૂફીની બાબતમાં છે. તે બે વચ્ચે તકરાર થાય તો પણ તેને મિત્રાચારીભરી હરીફાઈ જ બની રહેવા દેવી જોઈએ. પરંતુ તેવી હરીફાઈ તે સત્ય અને અહિંસાના સિદ્ધાંતોના સ્વીકાર વડે શક્ય બને. માકર્સવાદીઓ પોતાના સિદ્ધાંતોમાં તેટલો આવશ્યક ફેરફાર કરી લેવા તૈયાર છે ખરા? જે તેઓ તેમ કરી શકે, તે પછી તેમને પોતાની અને ગાંધીજી વચ્ચે કશે ઝાઝો તફાવત નહીં દેખાય. તેઓ પછી ગાંધીજીના કાર્યક્રમને વધુ સમજી શકશે અને તેની કદર કરી શકશે એટલું જ નહીં, પણ તેઓ તેમની યોજનામાં ભળી જશે, તથા હિંદુસ્તાનમાં સત્ય અને અહિંસાના સિદ્ધાંતિ સાથે વરેલો એવો સમાજવાદ સ્થાપવામાં મદદ કરશે. કારણ કે ઝઘડે, લડાઈ અને હિંસા કરતાં એ સિદ્ધાંતો જ હિંદુસ્તાનના લેકની પ્રકૃતિને વધુ અનુરૂપ હોય તેમ દેખાય છે. ઉપરાંત અહિંસા અને સત્યની આજે માનવજાતને સૌથી વધુ જરૂર છે, એમ કૃપાલાણીજી વ્યક્ત કરે છે.'

આમ આપણે જોઈ આવ્યા કે, ગાંધીજીની ફિલસૂફી અમુક સિદ્ધાંત ઉપર રચાયેલી છે. એ સિદ્ધાંતો અનુસાર તેમણે વ્યક્તિ તેમ જ પ્રજાસમસ્તની દોરવણી માટે રચનાત્મક કામકાજ તેમ જ લડાઈ માટે સળંગ કાર્યક્રમ તારવી કાઢ્યો છે. એ સિદ્ધાંતો અને એ કાર્યક્રમ વચ્ચે આંતરિક સંબંધ છે. તે બંને મળીને એક આખી વસ્તુ બને છે. આખી પ્રજા તેમ જ દરેક પ્રજાજન પાસે તેઓ અમુક ખાસ પ્રકારની ચારિત્ર્યની અપેક્ષા રાખે છે. એ ચારિત્ર્યને અનુલક્ષીને કેળવણીની એક નવી યોજના વિચારી કાઢવામાં આવી છે. રાજકીય ક્ષેત્રમાં સત્ય અને અહિંસાથી શરૂઆત કરીને ગાંધીજીએ રેંટિયા અને ખાદીની, અસ્પૃશ્યતાનિવારણની, હિંદુ-મુસ્લિમ એજયની, સ્ત્રી-સ્વાતંત્ર્યની (પાશ્ચાત્ય અર્થમાં શારીરિક જીવન જીવવા માટેની સમાન તકોના પાયા ઉપર ઊભું કરેલું સ્ત્રી સ્વાતંત્ર્ય નહીં, પરંતુ સમાજસેવા અને તે દ્વારા વૈયક્તિક વિકાસની સમાન તકના પાયાવાળું સ્ત્રી-સ્વાતંત્ર્ય), તથા જૂના ગ્રામોદ્યોગો સજીવન કરવાની તેમ જ નવા શરૂ કરવાની યોજનાઓ તારવી કાઢી છે. તે બધામાંથી આગળ વધતાં વધતાં તેઓ હવે કેળવણીની આ નવી યોજના ઉપર આવ્યા છે. કેળવણી છેલ્લી આવી છે, અને એ સ્વાભાવિક છે. કારણ કે કેળવણી હંમેશાં વ્યવહારને અનુસરે છે. પરંતુ એ કેળવણી આગળ ગયેલી બધી બાબતે માટે; અર્થાત જીવનની સળંગ વ્યવસ્થા માટે છે. તેનો હેતુ બધાં શોષણથી મુક્ત એવા આ ન્યાયી અને નીતિમય સમાજમાં બાળક ભવિષ્યમાં જે સ્થાન લેવાનું છે, તે માટે તેને તૈયાર કરવાને છે. એવા સમાજની આવશ્યકતાઓને અનુલક્ષીને તેના ચારિત્ર્યનું : ઘડતર કરવા માટે તે છે. ગાંધીજીની સામાજિક-રાજકીય ઈમારતને તે ટોચ-કળશ છે.

# સ્વામી સ્વરુપદાસજી અને પાંડવ યશોન્દુ ચંદ્રિકા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

સ્વામી સ્વરુપદાસજી દેથા રચિત પાંડવ યશેન્દુ ચન્દ્રિકા ગ્રંથ રાજસ્થાન–ગુજરાતમાં સુવિખ્યાત છે. પદ્મશ્રી ચંદ્રપ્રકાશ દેવલ જેઓ આજીવન પ્રાધ્યાપક–સંશોધક તેમજ સર્જક રહ્યા છે. તેઓ પાંડવ યશેન્દુ ચન્દ્રિકાને રાજસ્થાની મહાભારત તરીકે ઓળખાવે છે. દેશની સાહિત્ય અકાદમીએ સી.પી.દેવલનો 'પાંડવ યશેન્દુ ચન્દ્રિકા' પરનો ગ્રંથ પ્રકાશિત કરેલો છે. (૨૦૦૧) પ્રાધ્યાપક સી.પી.દેવલ પહેલા આ ગ્રંથનું ટીકા સહિત સંપાદન લીંબડી રાજ્યકવિ સ્વર્ગીય શંકરદાનજી દેથાએ કરેલું છે. સ્વરુપદાસજીની સર્જન યાત્રા અંગે ઉત્તર ગુજરાતના વિદ્વાન સર્જક ખેતસિંહજી મીસણે પણ લખ્યું છે. રાજકોટના ભાઈ પ્રવીણ મધુડાએ આ ગ્રંથનું પુનઃ સંપાદન તેમજ પ્રકાશન ૨૦૧૮માં ઘણી મહેનત કરીને કરેલું છે. ભક્ત કવિ ઈસરદાસજી કે સાંયાજી ઝૂલાની હરોળમાં ગૌરવભેર ઊભા કરી શકે તેવું પ્રદાન સ્વામી સ્વરૂપદાસજીનું છે.

મહાભારત તેમજ રામાયણ એ આપણાં સમૃધ્ધ ગ્રંથો છે. સદીઓથી કથાકારો – સંત કવિઓએ આ ગ્રંથોની પ્રેરણા લઈ પોતાની રચનાઓ પ્રગટ કરી છે. મહાભારતના આદિપર્વમાં લખાયું છે કે જેટલા પણ કવિઓ ભવિષ્યમાં થશે તેમના માટે મહાભારત એ મૂળસ્રોત બની રહેશે. જે મહાભારતમાં છે તેજ અન્યત્ર છે અને જે મહાભારતમાં નથી તે ક્યાંય નથી તેમ કહેવાયું છે. મહાભારત એક લાખ શ્લોકમાં વિસ્તાર પામેલું છે. આવા વિશાળ મહાકાવ્યને સ્વરુપદાસજીએ લગભગ ત્રણ હજાર છંદોમાં પૂર્ણતઃ પ્રગટ કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. સ્વરૂપદાસજીની તમામ રચનાઓમાં 'પાંડવ યશેન્દુ ચન્દ્રિકા' શ્રેષ્ઠ છે તેમ રાજ્યકવિ શંકરદાનજીએ નોંધેલું છે. મહાભારતની કથાનો સારાંશ સ્વરૂપદાસજીના ગ્રંથમાં સોળ મયૂખો (અધ્યાયો)માં પૂરો થયેલો છે. ગ્રંથની ભાષા પિંગળ છે. તેના કાવ્યો સરળ તથા રોચક છે.

સ્વરૂપદાસજી જન્મે ચારણ હતા. બ્રહ્માનંદ સ્વામીની જેમ તેઓએ પણ સન્યસ્ત ધારણ કરેલું હતું. સ્વરૂપદાસજીનો જન્મ વિ.સં. ૧૮૫૮ (ઈ.સ.૧૮૦૧)માં થયો હોવાનો મત વિશેષ પ્રચલિત છે. તેમનું વતન અખંડ હિન્દુસ્તાનના સિંધ વિસ્તારના ખારોડા ગામે હતું. વતનને વિદાય કરી તેઓ રાજસ્થાનના અજમેર પ્રાન્તમાં સ્થાયી થયા હતા. અહીં સંત કવિ સ્વરૂપદાસજીનો જન્મ થયો હતો. તેમના કાકા પરમાનંદજી નૈષ્ઠિક બ્રહ્મચારી, કવિ અને હરિભક્ત હતા. તેઓ કોઈ રાજવીના યાચક બનવાનું પસંદ કરતા ન હતા. નિજાનંદે તેમજ પ્રભુ પરત્વેની નિષ્ઠાને કારણે પરમાનંદજીનું સમાજમાં મોભાદાર સ્થાન હતું. ભત્રીજા સ્વરૂપદાસજીને કાવ્યના સંસ્કાર તેમજ વેદાન્તની ઊંડી સમજ કાકા પરમાનંદજી તરફથી મળી હતી. પરમાનંદજીને હતું કે ભત્રીજો જ્ઞાન પ્રાપ્ત કરીને વિખ્યાત કવિ બને અને કીર્તિ પ્રાપ્ત કરે. પરંતુ વિધિનું નિર્માણ જૂદું હતું. કવિ સ્વરૂપદાસજી તમામ સાંસારિક એષણાઓનો ત્યાગ કરી એક દાદૂપંથી સાધુના શિષ્ય બને છે અને સન્યાસનો માર્ગ સ્વીકારે છે. પોતાનું મૂળ નામ જે શંકરદાન હતું તેમાંથી સ્વરૂપદાસ નામ ધારણ કરી ઈશ્વર તેમજ સાહિત્યની ઉપાસના તરફ વળે છે. કાકા પરમાનંદજીને આ ઘટનાનો ઘણો આઘાત લાગે છે અને તેઓ એક દુહો લખીનેસાધુ થયેલા સ્વરૂપદાસને મોકલે છે :

> કીધોથો કુણ કૌલ, કહ પાછૌ કાસૂં કિયો,
> બેટા થારા બોલ, શાલૈ નિશદિન શંકરા.

પુત્ર સમાન ભત્રીજાનો સન્યસ્ત સ્વીકારવાનો નિર્ણય પરમાનંદજીને ઊંડે સુધી ડંખ્યા કરે છે તે વાત તેમણે ઉપરના શબ્દોમાં કહી છે. સાધુ થયા પછી સ્વરૂપદાસ અધિકતર માળવામાં તેમજ અજમેર પ્રાંતમાં રહેતા હતા. રતલામના મહારાજા બલવંતસિંહજી (સં.૧૮૨૪-૧૯૧૪) સ્વરૂપદાસજીને ગુરુ માનતા હતા અને આદર કરતા હતા. મહારાજાએ સ્વરૂપદાસજીની સ્તુતિ કરતા લખ્યું છે :

> સદા હંગામી વચન સિધ્ધ, ભગતાં નામી ભૂપ,
> હું ભામી દાદુહરા, સ્વામી દાસ સ્વરૂપ.

મહારાજા ઉપરના દોહામાં કહે છે કે પોતાના ગુરુ સ્વામી સ્વરૂપદાસ સદા આનંદી, વચનસિધ્ધ તેમજ નામાંકિત સંતો – ભક્તોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દાદૂ શિષ્ય પરંપરાના સ્વામી સ્વરૂપદાસજી પર હું બલીહારી જાઉં છું.

પાંડવ યશેન્દુ ચન્દ્રિકામાં અલગ અલગ છંદોનો ઉપયોગ કરી કવિએ ગ્રંથની ભાતીગળ રચના કરી છે. જીવનમાં સાર્થકતા લાવવા માટે એક સવૈયામાં લખે છે :

> પૉવ છતૈ કરી ગૌન હરિ દિશ ફીર યે પૉવ ચલૈં ન ચલૈં !
> જીભ છતૈ ગુનિયે હરિકો જસ ફીર યે જીભ હલૈં ન હલૈં !
> નૈન છતૈ લખી રુપ વિરાટકો ફીર યે નૈન ખિલૈં ન ખિલૈં !
> શ્રૌન છતૈ હરિ કિરત કો સુનિ ફીર યે શ્રૌન મિલૈં ન મિલૈં !!

શરીરના અવયવોનો સાર્થક ઉપયોગ કરવા ઉપરના સવૈયામાં ભક્તકવિનો નિર્દેશ છે. પગ ચાલે ત્યાં સુધીમાં હરિ તરફ ગતિ કરવા માટે તેમજ જીભ સાથ આપે ત્યાં સુધી હરિના ગુણનો જાપ કરવા માટે કવિ સંદેશો આપે છે. શરીરના મહત્વના અંગોની સાર્થકતા સિધ્ધ કરવા કવિએ ભિન્ન ભિન્ન અંગો માટે છંદોબધ્ધ શબ્દોમાં લખ્યું છે.

મહાભારતનું સર્જન થવાના મહત્વના કારણો સ્પષ્ટ કરતા કવિ વિદુરના મુખે ધૃતરાષ્ટ્રને કહે છે. પિંગળમાં શોભતું આ સુંદર કવિત છે.

> ભીમ કો દીયો હો વિષ તા દિન બયો હો બીજ,
> લાખાગ્રહ ભયે તાકો અંકુર લગાયો હૈ !
> ધ્રુતક્રીડા કાલ વિસ્તાર પાય બડો ભયો
> દ્રૌપદી હરન ભયે મંજરી તે છાયો હૈ !
> મચ્છ ગાય ઘેરી જબૈ પુષ્પ ફલ ભાર ભયો,
> તૈને હી કુમંત્ર જલ સિંચીકે બઢામોહે !
> વિદુર કે વચન કુઠાર તૈ ન કટ્યો વ્રક્ષ,
> વાકો ફલ પાકો ભૂપ તેરી ભેંટ આયો હૈ !!

કવિ શ્રી કાગે આજ વાત સરળ શબ્દોમાં મૂકી છે. ધૂતરાષ્ટ્ર વિદુરને (સુતજી)ને પૂછે છે.

> વિદુર આ ફળ શેનું હશે
> તે જાણ્યું નથી જણાતું,
> સુતજી કહે કાં ભૂલી ગયા
> આ તો હાથે વાવેલાંની વાતું
> અંધ આગળ આવ્યું રે
> એના મોભી કુંવરનું માથું.

'પાંડવ યશેન્દુ ચન્દ્રિકા' નું સર્જન કરીને ભક્તકવિએ મહાભારતની મહાગાથાનું પોતાની ઢબે ભાતીગળ ગાન કરેલું છે.

# કોરોના થઈ ગયો હોય તો કોરોનાની વેક્સીન લેવાય?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાભાઈ, ગાંડાભાઈ, વિપુલ અને નિલેષ ચારેજણા ૧૫મીની રાત્રીએ પોતપોતાની જગ્યાએ ભેગા થઈ ગયા. ગાંડાભાઈ પોતાના નામના ગુણ પ્રમાણે બૂમો પાડી પાડીને બોલવા લાગ્યા. લો, ભાઈ કાલથી તો કોરોનાની રસી મુકાવાની શરુ થઈ જશે. હવે થોડા દિવસમાં ભારતમાંથી કોરોના પાછો ચીન ભેગો થઈ જશે. વિપુલથી રહેવાયું નહી... ભાઈ આપણે તો રસી લેવાની નથી. નિલેશએ કહ્યું, કેમ ભાઈ વિપુલ તુ રસી લેવાનો નથી. ભાઈ જુઓને અમેરિકામાં રસી લીધા પછી ૨૮ જણાના મોત થયા. એવું વિપુલ બોલ્યો, ગાંડાલાલથી રહેવાયું નહીં. આમ તો ૮ કે ૧૦ વર્ષે રસી તૈયાર થતી હોય છે એની જગ્યાએ ૧ વર્ષમાં જ કોરોનાની રસી તૈયાર કરેલી છે. એટલે બીક લાગે છે... આ બધી વાત ડાહ્યાભાઈ શાંતિથી સાંભળતા હતા. ધીમે રહીને ડાહ્યાલાલે બોલવાનું શરૂ કર્યું. કોરોના વાયરલ આપણે જોઈ શકતા નથી. એની સુગંધ પણ નથી. એનો સ્પર્શ આપણને કે આપણા શરીરને ખબર પડતી નથી.

એટલે એના માટે કોઈ પણ પ્રકારની વાત કહીએ એ ડૉકટર અને વૈજ્ઞાનિકો જે કહે તે સાચું માનવાનું. આ ના દેખાતા દુશ્મનોએ લાખો લોકોના જીવ લીધા. ચારેકોર કોહરામ મચાવ્યો. માનવ જાતિને જાણે કે બતાવી દીધું કે કાંઈ અભિયાન ના કરો, તમે ચંદ્ર પર જઈ શકો છો, મંગળ પર જઈ શકો છથો તો પણ તમે સંપૂર્ણ નથી. એટલે જરા માપમાં રહો. પણ આપણે માનવી છીએ... અને મનુષ્યે જે કંઈ ધારે તે સાબિત કરીને જ રહે છે... આપણા વૈજ્ઞાનિકોએ અને ડૉકટરો વાઈરસને ઓળખ્યો અનોે માત કર્યો. અને આ પૃથઅવી પરથી એને ભગાડી દઈશું એ ભગાડવાનું કામ આપણી રસી કરશે. ગાંડાલાલ, બોલ્યા આ બધું તો ઠીક છે પણ ખબર જ નથી પડતી કે રસી લેવી કે ન લેવી. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ રસી તો લેવી જ જોઈએ. ખાસ કરીને જે લોકોને ડાયાબિટીસ હોય, કેન્સર હોય, ઉંમર ૫૦ વર્ષ ઉપર હોય, ડૉકટર્સ હોય, પેરામેડિકલ સ્ટાફ હોય, સફાઈ કામદાર હોય.... તેમને તો રસી મુકાવવી જ જોઈએ. જે લોકોને કોરોના થઈ ગયો હોય, જેમનામાં કોરોનાના એન્ટી બોડી થઈ ગયા હોય એ લોકોએ શું કરવું ? એવું વિપુલે પૂછ્યું, જે લોકોને કોરોના થઈ ગયો હોય અને ૧૫ દિવસ થયા હોય એ બધા જ કોરોનાની રસી લઈ શકે.

ડાહ્યાલાલે કહ્યું, કોરોનાની રસી માટે બધાને મુંઝવતા પ્રશ્ન હું કહું છું અને એનો જવાબ આપવા પણ પ્રયત્ન કરું છું.

પ્ર-૧ : કોરોનાની રસી કયારે આવશે?

જ : કોરોનાની રસી બધા સ્ટેજના ટ્રાયલમાંથી પાસ થઈ ગઈ છે અને ભારત સરકારે ૨ કંપનીને રસીનું પ્રમાણપત્ર આપ્યું છે. અને ૧૬ તારીખથી તેનો પ્રારંભ થશે.

પ્ર-૨ : કોરોનાની રસી કેવી રીતે આપવામાં આવશે?

જ : કોરોનાની રસી પહેલાં ડૉકટર અને ફ્રન્ટલાઈનના હેલ્થ વર્કર્સને આપવામાં આવશે અને જે લોકો વધારે પડતા હાઈ રીસ્કમાં છે. બીજા નંબરે જે લોકોને ઉંમર ૫૦ વર્ષની ઉપર છે તેમને અને પછી...

> **કોરોનાની રસીની આડઅસર શું છે ?**
> **કોરોનાની રસી લેવાથી મૃત્યુ થઈ શકે?**

પ્ર-૩ : કોરોનાની રસી લેવી ફરજિયાત છે?

જ : કોરોનાની રસી લેવી સ્વૈચ્છિક છે પણ બધાએ બસી લેવી જોઈએ. જે પોતાના માટે અને સમાજ માટે ઉપયોગી છે. જેનાથી કોરોના કંટ્રોલમં આવશે.

પ્ર-૪ : શું કોરોનાની રસી સુરક્ષિત છે?

જ : ભારતમાં જે રસી બની છે તે ભારત સરકારની ફૂડ અને ડ્રગથી એપ્રુવ થયેલી છે જે સુરક્ષિત છે.

પ્ર-૫ : જેને કોરોના છે તેવા લોકોએ રસી લેવી જોઈએ ?

જ : જે લોકોને કોરોનાના ચિહ્ન છે અથવા તો કોરોના રિપોર્ટ પોઝીટીવ છે એમને લક્ષણો ના હોય તો ૧૪ દિવસ પછી રસી લઈ શકાય. આ ભારત સરકારની ગાઈડલાઈન છે.

પ્ર-૬ : જે લોકોને કોરોના થઈ ગયો છે એમને રસી લેવાની ?

જ : હા, જેમને કોરોના થઈ ગયો છે એમણે પણ રસી લેવાની કારણ કે કોરોનાથી આવતી ઈમ્યુનિટી અથવા એન્ટીબોડી અને રસીની ઈન્યુનીટી અથવા એન્ટી બોડી બંને જુદા છે.

પ્ર-૭ : બે પ્રકારની રસી છે એમાં કઈ રસી સારી ?

જ : બંને રસી સારી જ છે. કોઈ પણ રસી લઈ શકો. પણ જે કંપનીની રસી લીધી હોય એ જ કંપનીની રસી ૨૮ દિવસ લેવાની હોય.

પ્ર-૮ : ભારત રસીને સ્ટોર કરવા શક્તિમાન છે?

જ : હા, ભારતમાં મોટાપાયે રસીકરણ અભિયાન ચાલે છે તેથી ભારતને રસીને સંગ્રહ કરવાની શક્તિ સારી છે.

પ્ર-૯ : બીજા દેશોની રસી અને ભારતની રસીમાં ફરક શું છે?

જ : ના, ભારતની રસી બીજા દેશોની રસી જેટલી ઈફેકટીવ છે.

પ્ર-૧૦ : હું રસી લેવા માટે શક્તિમાન છું?

જ : હા, તમે રસી લેવા માટે શક્તિમન છો.

પ્ર-૧૧ રજીસ્ટ્રેશન વગર રસી લઈ શકાય?

જ : ના, રજીસ્ટ્રેશન વગર રસી લઈ શકાય નહીં.

પ્ર-૧૨ : કયા ડોક્યુમેન્ટ રજીસ્ટ્રેસન માટે જરૂરી છે?

જ : આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, હેલ્થ ઈન્સ્યોરન્સ, મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ જોબ કાર્ડ, એમ.એલ.એ., એમ.બી. અને એમ.એલ.સી.એસ., પાનકાર્ડ, પાસબુક ઈસ્યુ બાય બેંક, અથવા તો પોસ્ટ ઓફિસ, પાસપોર્ટ, પેન્શન કાર્ડ, સર્વિસ આઈડેન્ટી કાર્ડ વિથ ફોટોગ્રાફ્સ, ચૂંટણી કાર્ડ અને સ્માર્ટ કાર્ડ.

પ્ર-૧૩ : ફોટો અથવા આઈડી કાર્ડ રજીસ્ટ્રશન વખતે જોઈએ?

જ : હા, આઈડી કાર્ડ રજીસ્ટ્રેશન વખતે જોઈએ? અને રસી લેતા વખતે પણ આ જરૂરી છે.

પ્ર-૧૪ : જે લોકો પાસે આઈડી કાર્ડ ના હોય તો રસી આપી શકાય ?

જ : ના

પ્ર-૧૫ : જે લોકોને રસી લેવાની એમને સંદેશો કઈ રીતે મળશે?

જ : તમારા રજીસ્ટ્રેશન વખતે મોબાઈલ નંબર ઉપર એસએમએસ આવી જશે.

પ્ર-૧૬ : જે લોકોને રસી અપાઈ ગઈ હોય એ લોકોને કઈ રીતે સંદેશો મળશે ?

જ : તમારા ઈ-મેઈલ અથવા તો મોબાઈલ નંબર ઉપર સંદેશો મળી જશે. અને ક્યૂઆર કોડ વાળું સર્ટીફીકેટ પણ મોબાઈલ પર આવી જશે.

પ્ર-૧૭ જે લોકોને ડાયાબિટીસ, બીપી, કેન્સરની દવા ચાલુ હોય એ લોકો રસી લઈ શકે?

જ : હા, આ લોકોએ ખાસ લેવી જોઈએ.

પ્ર-૧૮ : રસી વખતે ધ્યાન રાખવા જેવી બાબત શું?

જ : રસી લીધા પછી અડધા કલાક સુધી જયાં રસી લીધી હોય ત્યાં શાંતિથી બેસવું.

પ્ર-૧૯ : રસીનું સાઈડ ઈફેક્ટ શું છે?

જ : થોડો તાવ આવી શકે જે જગ્યાએ રસી આપી હોય એ જગ્યાએ થોડો દુખાવો થઈ શકે.

પ્ર-૨૦ : રસીના કેટલા ડોઝ લેવાના અને કયાં સમયે ?

જ : રસીના ૨ ડોઝ લેવાના. એક ડોઝ લીધા પછી ૨૮માં દિવસે બીજો ડોઝ લેવાનો.

પ્ર-૨૧ : રસી લીધા પછી કેટલા સમયમાં એન્ટી બોડી ડેવલપ થાય?

જ : બીજો ડોઝ લીધા પછી બે અઠવાડિયામાં એન્ટી બોડી ડેવલપ થાય.